કે.ડી. NEWS
તારીખ : 13/01/2026

# વર્ષોના ઈન્તેજાર પછી સાવરકુંડલાને મળી સ્માર્ટ જીઆઈડીસી ઉદ્યોગકારોને શહેરીજનોમાં અનેરો ઉત્સાહ









સાવરકુંડલા શહેર ના ઉદ્યોગકારો ની વર્ષોથી માંગણી હતી કે અમને જીઆઈડીસી આપો ત્યારે છેલ્લા ઘણા વર્ષોના સંઘર્ષ પછી 2023માં મુખ્યમંત્રી દ્વારા જીઆઈડીસી મંજૂર કરવામાં આવી હતી પરંતુ કેટલાક કારણોસર જગ્યા અને જગ્યાના ભાવને લઈને પોસાય તેમ ન હોય સાવરકુંડલાના જાગૃત જન પ્રતિનિધિ મહેશભાઈ કસવાળા દ્વારા આ પ્રયાસ કરવામાં આવ્યો ખૂબ જ ગુપ્ત રીતે અને ઝડપી રીતે પ્રયાસ ને અંતે સાવરકુંડલા થી આશરે આઠ કિલોમીટર ધજડી નજીક જીઆઈડીસી રાજકોટ ખાતે વાઈબ્રન્ટ સમિટમાં માનની વડાપ્રધાન મોદી સાહેબ દ્વારા સાવરકુંડલાની સ્માર્ટ જીઆઈડીસી ની મંજૂરી ની જાહેરાત કરી સૌથી મહત્વની વાત એ છે કે છેલા થોડા દિવસ પહેલા એટલે કે 24 12 2025 ના રોજ જીઆઈડીસીની જમીનનો કબજો પણ મેળવી લીધો છે આ સ્માર્ટ જીઆઈડીસી માં સીસીટીવી કેમેરા લાઈટ પાણીની સગવડતા પહોળા અને પાકા રોડ જીઆઈડીસી ફરતા સુંદર વૃક્ષોનું વાવેતર સહિતની સુરક્ષા કવચ સામે જશે આ પ્રક્રિયાને આશરે એક વર્ષનો સમય લાગશે આ અનેરા ઉત્સવ ને ઉજવવા માટે સાવરકુંડલાના ઉદ્યોગકારો એ આજે ધારાસભ્ય મહેશભાઈ સન્માન સમારંભ રાખ્યો હતો જેમાં કાંટા ઉદ્યોગ હીરા ઉદ્યોગ સીંગદાણા ઉદ્યોગ ઓઈલ મીલ ઉદ્યોગ ખેતીના ઓજાર બનાવતી કંપનીઓ એગ્રો પ્રોડક્શન ઉદ્યોગ શહેરના નામાંકિત સંસ્થાઓ નગરપાલિકા એપીએમસી સહકારી સંઘ તેમજ અનેક વિવિધ મંડળો દ્વારા ધારાસભ્ય મહેશભાઈ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉદ્યોગકારો અને વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા ધારાસભ્યના સન્માન પહેલા જ તેમણે gidc બાબતે પોતાનું પ્રવચન આપી અને સ્માર્ટ જીઆઈડીસી વિશેની સમજણ અને જીઆઈડીસી મેળવવા માટે કરેલા સંઘર્ષની વાત લોકો સમક્ષ મૂકી હતી

કે.ડી. NEWS
તારીખ : 13/01/2026

# સેવાના સારથી બનેલું શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર – જૈન સંતો-સાધુ-સાધ્વીજી અને યાત્રાળુઓ માટે આશીર્વાદરૂપ



શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત *શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર*, સાવરકુંડલા એ 100% નિઃશુલ્ક મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ તરીકે જૈન સમાજ સહિત સમગ્ર સમુદાય માટે સેવાનું અનોખું ઉદાહરણ બની રહ્યું છે.તાજેતરમાં *છ'રી પાલિત સંઘ* (પાલિતાણાથી જુનાગઢ તરફ)ની 12 દિવસની પગપાળી યાત્રા દરમિયાન સાવરકુંડલાથી પસાર થતા *લગભગ 5000 યાત્રાળુઓપસાર થયા તેમાં **8 સાધુ ભગવંતો* અને *સાધ્વીજી મહારાજ*ને પગમાં દુખાવો, છાતીમાં દુખાવા જેવી તકલીફો થતાં તાત્કાલિક સેવા મેળવી.આ ઈમર્જન્સીમાં હોસ્પિટલના *પ્રમુખ શ્રી હરેશભાઈ મહેતા, **ટ્રસ્ટી શ્રી દિવ્યકાંતભાઈ સૂચક* અને *ડૉ. પ્રકાશભાઈ કટારીયા* સહિતના ટીમે ખાસ ઉપસ્થિત રહીને તાત્કાલિક *એક્સ-રે, **કાર્ડિયોગ્રામ* (E C G ), અન્ય તમામ જરૂરી રિપોર્ટ્સ તૈયાર કરી, નિદાન અને દવાઓ પણ તુરંત આપી હતી. આ માનવીય સંવેદનાથી કરાયેલી સેવાએ સંતોને નવી શક્તિ અને આરામ પ્રદાન કર્યો.આ અસાધારણ સેવા માટે જૈન સમાજના *આચાર્યો, **સાધુ-સાધ્વીજી મહારાજ* તરફથી હોસ્પિટલના ટ્રસ્ટીઓ અને સંપૂર્ણ ટીમને હૃદયપૂર્વકના *આશીર્વાદ* પ્રાપ્ત થયા છે. આશીર્વાદને કારણે જ આ હોસ્પિટલ નિઃશુલ્ક સેવા આપીને સતત ચાલી રહી છે અને *સેવાના સારથી* તરીકે ઉભરી છે.*શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર* દરેક રોગીને દર્દીનારાયણ માનીને ગુણવત્તાયુક્ત તબીબી સેવા નિઃશુલ્ક આપે છે, જેમાં જનરલ ઓપીડી, ઈમર્જન્સી, એક્સ-રે, ECG સહિત અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે.







તારીખ : 13/01/2026

# સાવરકુંડલા માટે ઐતિહાસિક ગૌરવની ભેટ સાથે મળી સ્માર્ટ GIDCની ભેટ

## સાવરકુંડલામાં ૪ લાખ ચો.મી (૧૦૦ એકર) માં સ્માર્ટ GIDC બનવાની મંજૂરી મળતા હરખની હેલી

સ્માર્ટ GIDC કારણે આધુનિક સુવિધા યુક્ત ઈન્ફ્રાસ્ટ્રકચર નો લાભ મળશે..

લોખંડ ઉદ્યોગ,કાંટા ઉદ્યોગ,એગ્રો ઈન્ડસ્ટ્રીજ અને હીરા ઉદ્યોગ ને નવું બળ મળશે..

સ્થાનિક યુવાનોને નવી રોજગારીની તકો મળશે






સાવરકુંડલાને ઔદ્યોગિક નગર બનાવવાના સંકલ્પને સાકાર કરવા બદલ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર માનતા : શ્રી કસવાલા સાવરકુંડલા... વિશ્વભરમાં કાંટા ક્ષેત્રે સાવરકુંડલા નું નામ મોખરે છે કાંટા થી આગવી ઓળખ ઊભી કરનારા સાવરકુંડલાને વર્ષોથી જી.આઈ.ડી.સી.નું સ્વપ્ન સાકાર થયું છે રાજકોટ ખાતે યોજાયેલી રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાજ્યના નવા 7 જિલ્લાઓ માટે સ્માર્ટ GIDCની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત અંતર્ગત અમરેલી જિલ્લાના સાવરકુંડલાને નવી સ્માર્ટ GIDC મળતા સમગ્ર વિસ્તારના વિકાસને નવી ગતિ સાથે સાવરકુંડલા શહેરને વિકાસની નવી ભેટ મળી હતી નવું સ્માર્ટ GIDC પ્રોજેક્ટ સાવરકુંડલા તાલુકાના બોઘરિયાણી (ધજડી) ખાતે 41 હેક્ટર જમીન પર વિકસાવવામાં આવશે આ પ્રોજેક્ટથી ઔદ્યોગિક રોકાણમાં વધારો થશે, સ્થાનિક યુવાનોને રોજગાર મળશે તેમજ સાવરકુંડલાનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત થશે તેવું સ્વપ્ન ટૂંકા દિવસોમાં સાકાર થઈ જશે સાથે સાથે સ્માર્ટ GIDCના બનવાથી સ્થાનિક યુવાનોને રોજગારી માટે બહાર નહીં જવું પડે અને રોજગારીની તકો મળશે અને ઔદ્યોગિક રોકાણમાં વધારો થશે, વેપાર અને વ્યવસાયને નવી ગતિ મળશે, ટ્રાન્સપોર્ટ, હોટલ, લોજિંગ, સર્વિસ સેક્ટરનો વિકાસ થશે તો સાવરકુંડલા ઔદ્યોગિક નગર તરીકે આગામી દિવસોમાં નવી ઓળખ સાથે સ્થાપિત થશે આ પ્રોજેક્ટથી ગ્રામ્ય અને શહેરી વિકાસ વચ્ચેનું અંતર ઘટશે અને વિસ્તારનો સર્વાંગી વિકાસ થશે સાવરકુંડલાને સ્માર્ટ GIDC મળતા ઉદ્યોગક્ષેત્રે એક નવી ક્રાંતિ આવશે અને સમગ્ર અમરેલી જિલ્લાનું ઔદ્યોગિક નકશો બદલાશે તેવા વિચારો સાથે જ ચૂંટણીમાં આપેલા વચનો પાળી બતાવવામાં પાવરધા ધારાસભ્ય મહેશ કસવાળાએ સરકાર સમક્ષ કરેલી રજૂઆતોના ફળ સ્વરૂપે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે સાવરકુંડલાને જી.આઈ.ડી.સી.નું ફળ મળ્યું હતું ઔદ્યોગિક નગર બનાવવાના સંકલ્પની સાથે કામ કરતા ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો અને પ્રજાના ચૂંટાયેલા જન પ્રતિનિધિ તરીકેની આગવી ઓળખ સાવરકુંડલા લીલીયા વિધાનસભા માટે અલગ જ ઊભી કરીને નામના નહિ પણ કામના કસવાળા કહેવાયા હોવાનું વેપારીઓ હર્ષભેર કહી રહ્યા છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 13/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


મકરસંક્રાંતિનાં તહેવાર નિમિત્તે હાજરમાં મળશે
તેમજ તા. ૧૫/૧/૨૬ ના રોજ ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

જુનુ અને જાણીતુ

# સોમનાથ કેટરર્સનું

સ્વાદમાં શ્રેષ્ઠ, ટેસ્ટમાં બેસ્ટ...

## ગરમાગરમ

## સ્પે. રજવાડી ઉંધીયુ

(પ્યોર શીંગતેલમાં બનાવેલુ)

એકવાર ચાખશો તો ચાહક બની જશો...



સંપર્ક : ચંદ્રેશભાઈ પંડયા
મો. 98989 83853

સ્થળ : પરશુરામ ઉપવનવાડી,
ગર્લ્સ હાઈસ્કુલની બાજુમાં, સાવરકુંડલા.

કે.ડી. NEWS
તારીખ : 13/01/2026

# અનાથ દીકરીઓ માટે નિર્માણાધિન નિઃશુલ્ક નિવાસી શાળા વિશ્વાસ વિદ્યાલયને પૂજ્ય મોરારિબાપુ દ્વારા રૂ.૫ લાખનું તુલસીપત્ર અર્પણ






સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલા ખાતે નેસડી રોડ પર પન્ના નાયક સંસ્કાર પરિસર અને નિર્માણાધીન વિશ્વાસ વિદ્યાલયનું ભાવ ભૂમિપૂજન મનોરથ તા. ૧૧ જાન્યુઆરીનાં રોજ ગરિમા સભર રીતે સંપન્ન થયો.સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટ દ્વારા આ ભૂમિ પર વિવિધ પ્રકલ્પો હાથ ધરવામાં આવશે. જેમાં અનાથ દીકરીઓ માટે શાળા વિશ્વાસ વિદ્યાલય, આ દીકરીઓ માટેની હોસ્ટેલ “વિશ્રામ”, મહિલા ઉત્કર્ષ કેન્દ્ર “વામા” અને સેલેબ્રલ પાલ્સી ગ્રસ્ત બાળકો માટેની શાળા “વાત્સલ્ય”નું નિર્માણ કરાશે. આ તમામ પ્રકલ્પોમાં શિક્ષણ અને તાલીમ તદ્દન નિઃશુલ્ક આપવામાં આવશે.પન્ના નાયક સંસ્કાર પરિસરમાં નિર્માણ પામશે વિશ્વાસ વિદ્યાલય. જે કોઈ દીકરીનાં માતાપિતા બંને અથવા માતા કે પિતામાંથી કોઈ એક હયાત ન હોય એવી દીકરીઓ માટેની શાળા. એમાં પધ્ધતિસરનું શિક્ષણ તો મળે જ, પણ સાથોસાથ જીવન શિક્ષણ મળે, એને જીવનના સંઘર્ષ માટે અડીખમ બનાવે એવું શિક્ષણ, એને પગભર પણ બનાવે પણ સંવેદનશીલ પણ બનાવે. તેઓમાં વૈદિક પરંપરાના સંસ્કારો કેળવાય ને સાથોસાથ રમતગમત, કલા, જીવન માટે આવશ્યક કૌશલ્યો પણ શીખવાય. આ શાળા અન્ય વ્યવસાયિક સંસ્થાઓની જેમ અત્યાધુનિક સગવડો ધરાવતી હશે. પણ અહી બધી જ સેવા નિઃશુલ્ક અપાશે.બીજું ભવન "વિશ્રામ" હોસ્ટેલ તરીકે નિર્માણ પામશે તથા આ વિસ્તારની મહિલાઓના કૌશલ્યોને આકાશ આપવા તથા તેમને આત્મનિર્ભર બનાવવા મહિલા ઉત્કર્ષ કેન્દ્ર' 'વામા' દ્વારા વિવિધ વોકેશનલ તાલીમ આપવામા આવશે. જે આ બહેનોને રોજગાર અપાવી શકે.આ પ્રોજેક્ટના અંતિમ ચરણમાં સેલેબ્રલ પાલ્સી બાળકો માટેની એક શાળા બનશે “વાત્સલ્ય”. મંદ બુદ્ધિનાં બાળકો માટેની આ શાળા ઈશ્વર દત્ત ઉણપને વિશિષ્ટ શિક્ષણ અને તાલીમ દ્વારા નિવારવા અને આવા બાળકોને સામાન્ય જીવન જીવવા માટે પ્રેરિત કરાશે.આ બધાં પ્રકલ્પો માટે ભૂમિદાન અને પ્રારંભિક અનુદાન અમેરિકા સ્થિત સુખ્યાત કવિ દંપતી નટવર ગાંધી અને પન્ના નાયક તરફથી પ્રાપ્ત થયું છે. ભૂમિ પૂજન પ્રસંગે આ દંપતીનું પૂ. મોરારિબાપુનાં વરદ હસ્તે સન્માન કરાયું હતું. કવિયત્રી પન્ના નાયકે સજળ નેત્રે પોતાનો સંતોષ અને પ્રસન્નતા પ્રગટ કરી હતી.પોતાની પ્રસન્નતા અને આશીર્વચન પ્રગટ કરી પૂ. મોરારિબાપુએ સેવાની સાર્થકતા અને આવશ્યકતા પ્રગટ કરતાં જણાવ્યું હતું કે જીવનમાં સેવા અને સ્મરણ અતિ આવશ્યક છે. વ્યક્તિએ યુવાનીમાં શકયતમ સેવા અને વાર્ધક્યમાં થાય તેટલું સ્મરણ કરી લેવું જોઈએ. જ્યાં આવા સેવા યજ્ઞ મંડાય છે ત્યારે તેને આહુતિઓ પ્રાપ્ત થતી જ રહે છે એમ કહી બાપુએ ચિત્રકૂટધામ તલગાજરડા હનુમાનજીની પ્રસાદી સ્વરૂપે સંસ્થાને રૂ. ૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો.આ સાત્વિક ઉપક્રમમાં વિશેષ અતિથિ તરીકે પૂજ્ય ભક્તિરામ બાપુ, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત સાહેબ, શ્રી રતિલાલ બોરીસાગર, ડો. ભદ્રાયુ વચ્છરાજાની, સુભાષ ભટ્ટ, નેહલ ગઢવી, છેલભાઈ વ્યાસ, શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન ટ્રસ્ટીમંડળ, મંદાકિનીબેન પુરોહિત, મનુભાઈ ગાંધી, મનીષ અજમેરા, જીતેન્દ્ર ચૌહાણ- ઝેડ બ્લુ, રૂપેશ વ્યાસ, પ્રવીણભાઈ તન્ના, નીલેશ વાવડીયા સહીત ગુજરાત અને ભારતભરમાંથી શિક્ષણ અને સાહિત્ય અને ઉદ્યોગ જગતના સ્વનામધન્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતાં.કાર્યક્રમની સાર્થકતા માટે સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ શ્રી હરેશ મહેતા, પ્રો. દિવ્યકાંત સૂચક, પ્રણવ પંડ્યા અને કિંજલ જોષીએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સુચારુ સંચાલન કિંજલ જોષીએ કર્યું હતું.

તારીખ : 13/01/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

॥ જયશ્રી જલારામ ॥

# સંક્રાંતિમાં અન્નદાન

મકરસંક્રાંતિના મહાપર્વમાં આપણી સંસ્કૃતિમાં અન્નદાનનું અદકેરૂ મહત્વ છે. ભોજનદાન કરી ભુખ્યાજનોની જઠરાણિ શાંત કરવાને ભારતીય પરંપરામાં સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. સાવરકુંડલાના આંગણે શ્રી જલારામ રામરોટી અન્નક્ષેત્ર દ્વારા સંચાલિત શ્રી જલારામ અન્નક્ષેત્ર (રામરોટી અન્નક્ષેત્ર) માં છેલ્લા ૪૦ વર્ષથી અન્નદાનનો મહિમા ઉજાગર થતો રહ્યો છે. મકરસંક્રાંતિના દાન-પુણ્યના મહાપર્વ નિમિત્તે આપ પણ યથાશક્તિ રોકડ |રકમ, અનાજ, તેલ, કરીયાણું વિગેરે રસોઈ સામગ્રી અન્નક્ષેત્રમાં અર્પણ કરી પૂણ્યકાર્યના સહભાગી બની શકો છો. ઉપરાંત આપના સ્વર્ગસ્થ પરિવારજનોની પૂણ્ય યાદમાં રામરોટી અન્નક્ષેત્રમાં કાયમી તિથી નોંધાવી ભોજનદાનની કાયમી વ્યવસ્થાનો લાભ લઈ શકો છો.

**કાયમી મિષ્ટાન તિથી રૂા. ૭૫૦૦**
**કાયમી સાદી તિથી રૂા. ૫૧૦૦**
**એક દિવસ મિષ્ટાન ભોજન રૂા. ૭૫૧**
**એક દિવસ સાદું ભોજન રૂા. ૫૦૧**

નોંધ : આપ જો રૂબરૂ અનુદાન ન આપી શકો તો અમાને જણાવો અમો આપ સુધી પહોંચીશું...

## અનુદાન માટે

કેનિલ.એમ.ઉનડકટ-8866500320 (ખેડૂત નિગમ -રજકા પીઠ)

ઉમેશભાઈ ઉનડકટ- 9824442886 / અશોકભાઈ માધવાણી - 9427906050

કાનાભાઈ મશરૂ - 9825887555 / પી. સી. વણજારા - 9825603998

## જય જલારામ રામરોટી અન્નક્ષેત્ર
## મહુવા રોડ, સાવરકુંડલા

કે.ડી NEWS

તારીખ : 13/01/2026

# સાવરકુંડલાની કન્યાશાળા ખાતે મકરસંક્રાંતિમાં તકેદારી રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું..




સાવરકુંડલાની શ્રી બ્રાન્ચ શાળા નંબર 2 કન્યા શાળામાં શ્રી આર.ટી. લાધવા ઈ. ચા. રાઉન્ડ ફોરેસ્ટ સાવરકુંડલા અને નઝીર ભાઈ ઓ. મલેક દ્વારા કરુણા અભિયાન હેઠળ મકરસંક્રાંતિદરમિયાન વહેલી સવારે અને સાંજે પક્ષીઓ સ્થળાંતર કરે છે ત્યારે પતંગ નહીં ઉડાવી જોઈએ અને ચાઈનીઝદોરો નહીં વાપરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળા ના સમગ્ર સ્ટાફ ગણઅને આચાર્ય શ્રી ભારતીબેન દ્વારા પણ પક્ષી બચાવો હેલ્પ લાઈન નંબર અને તેમના વિશે ની માહિતી આપવામાં આવી હતી.






નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સલીમ માંજા મેકર્સ

"શું તમારે કાપ્યો છે તેવી બૂમ પાડવી છે"

તો સલીમ માંજા મેકર્સ તમારા માટે લઈને આવ્યું છે...

## ગુજરાતમાં સૌપ્રથમવાર

## કોરિયન કેમિકલ માંજા

તો તમારું એડવાન્સ બુકિંગ કરાવો નીચે આપેલ નંબર પર

**મો. 95123 10710**

તેમજ અમારે ત્યાં તમને મળશે ઓરીજનલ રિલો, ખંભાત, બરેલી રામપુરી પતંગો ની અવનવી રેન્જ

**સ્થળ : આઝાદ ચોક, હિલપાર્ક માર્કેટ સાવરકુંડલા**



નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નમ્ર... વિનમ્ર... વિજ્ઞપ્તિ...

# શ્રી કૃષ્ણ ગૌશાળા

## દેવળાગેઈટ, સાવરકુંડલા ખાતે

* અંધ, બીમાર, લુલી, લંગડી, અસહાય ગૌ માતાની સેવા અવિરત થઈ રહી છે.
* લીલુ, નિરણ, સુકુ, ખોળ, દવા વિ. ના ભાવો આસમાને પહોંચ્યા છે.

આગામી મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ગૌશાળા પરિવાર આપની પાસે આવે ત્યારે ઉદાર હાથે દાનની યાચના કરીએ છીએ.તો, મન મુકીને.. વરસી.. ગૌ સેવાના ઉમદા નિમિત્ત બનશો..

**રૂા. ૧૦૦૦ કે તેથી વધુ રકમના દાતાશ્રીનું નામ પ્રકાશ`માં પ્રસિધ્ધ થશે.**

તો, પુણ્ય કમાવવાના અનેરા અવસરને આપ વધાવી લેશો..

યાચના અમારી... ભાવના આપની..

કોઈનો ભાર ન રાખે મુરારી, વ્યાજ સહિત આપે ગિરધારી..

# શ્રી કૃષ્ણ ગૌશાળા પરિવાર

દેવળાગેઈટ, સાવરકુંડલા.

સંપર્ક : 94264 23150 / 94084 50000

તારીખ : 13/01/2026

કે.ડી. NEWS


Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## પીજીવીસીએલ, સાવરકુંડલા દ્વારા જનહિતમાં જારી :

# વીજળીથી સાવચેતી, સુરક્ષિત જિંદગી

## સલામત ઉત્તરાયણ : આનંદ સાથે સાવચેતી


## નાગરીકોને નમ્ર અપીલ

- પતંગ ચગાવતી વખતે મેગ્નેટીક ટેપનો ઉપયોગ કરવો નહી.
- પતંગના દોરા વીજવાયરમાં ભરાતા, તેને ખેંચવા નહી.
- પતંગના માંજામાં વીજવાહક પદાર્થ વાપરવો નહી.
- વીજ લાઈન કે તેની પાસે ઝંડો / લાકડી કે લોખંડનો સળીયો એલ્યુમીનીયમની સ્ટીક વાપરવી નહી.
- વીજરેષા ઉપર વાયર નાખવો નહી.
- વીજતારમાં ફસાયેલ પતંગને કાઢવા માટે તાર/વાયર કે મેગ્નેટીક ટેપ, ઝરી દોરાનો ઉપયોગ કરી પ્રયત્ન કરવો નહી.
- વીજ વાયરો પસાર થતા હોય તેની સાવ નજીકથી પતંગ ઉડાડવી નહી.
- ટાવર ઉપર ચઢવું નહીં.
- વીજરેષા ઉપર દોરી નાખી લંગર થી રમવું નહી.

## ઈમરજન્સી સંપર્ક

**9925216247 / 02845 242605**

કે.ડી. NEWS
તારીખ : 13/01/2026

# શ્રી પી.પી.એસ.હાઈસ્કૂલ વંડાની વિદ્યાર્થીની પરમાર મયુરી રાજુભાઈ સ્વામી વિવેકાનંદ ક્વિઝ સ્પર્ધામાં સમગ્ર અમરેલી જિલ્લામાં તૃતીય ક્રમે



શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા પ્રતિવર્ષ વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ થાય, રાષ્ટ્રીય ભાવના જાગે, સારા નાગરિકોનું ઘડતર થાય તેમજ વિદ્યાર્થીઓમાં સ્વામીજીના જીવન અને આદર્શો પ્રત્યે જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી સ્વામી વિવેકાનંદની જન્મજયંતીના ભાગરૂપે ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે ચૌદમી સ્વામી વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા સાવરકુંડલા તાલુકાની શ્રી પી.પી.એસ.હાઈસ્કૂલ વંડાની ધોરણ ૧૦ની વિદ્યાર્થીની પરમાર મયુરી રાજુભાઈ સ્વામી વિવેકાનંદ ક્વિઝ સ્પર્ધામાં સમગ્ર અમરેલી જિલ્લામાં તૃતીય ક્રમે આવી હતી તે બદલ તેમને શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા શિલ્ડ, સ્કૂલ કીટ, શ્રી વિવેકાનંદજીની તસવીર, મૂર્તિ, પ્રમાણપત્ર તેમજ શાળાને શિલ્ડ તેમજ રૂ.૩૬૦૦ના પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા હતા. પરમાર મયુરીની આ સિધ્ધી બદલ શાળાની વિવેકાનંદ યુથ કલબના સંચાલક શ્રી પ્રવીણભાઈ ઝીંઝુવાડીયા ,આચાર્ય સંજયભાઈ ચૌહાણે તેમને અભિનંદન આપી ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. તથા સહુ શાળા પરીવારે "ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો" ના સૂત્ર સાથે વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.

કે.ડી. NEWS
તારીખ : 13/01/2026

# કાણકિયા કોલેજમાં યુવા દિવસ નિમિતે ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ.









દર વર્ષે 12 જાન્યુઆરી ના દિવસને સ્વામી વિવેકાનંદની જન્મજયંતીને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા દ્વારા કોમર્સ તેમજ આર્ટસના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ. વચ્ચે થઈ હતી. અશ્વિન મેરની કપ્તાની હેઠળ એસ.વાય.બી.એ.ની ટીમ અને રિઝવાન કુરેશીની કપ્તાની હેઠળ ટી.વાય.બી.એ.ની ટીમ ફાઈનલ મુકાબલા માટે મેદાનમાં ઉતરી હતી.પ્રારંભમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એસ. સી. રવિયાસાહેબે ટોસ ઉછાળ્યો, જે ટી.વાય.બી.એ. ની ટીમે જીતીને બૉલિંગનો નિર્ણય લીધો. એસ. વાય. બી. એ. ની ટીમે બેટિંગ કરીને 10 ઓવરમાં 5 વિકેટ સાથે 85 રન બનાવ્યા. ત્યાર બાદ ટી. વાય. બી. એ. ની ટીમે ખૂબ જ આક્રમક બેટિંગનું પ્રદર્શન કર્યું અને 5.5 ઓવરમાં જ 1 વિકેટના નુકશાન સાથે 86 રન બનાવીને વિજેતા ટીમનો ખિતાબ પોતાના નામે કર્યો. ટી. વાય. બી. એ. ની ટીમ વિજેતા થઈ અને એસ. વાય. બી. એ. ની ટીમ રનર અપ બની. ટી. વાય. બી. એ. ના કપ્તાન રિઝવાન કુરેશીને તેમના અસાધારણ અને શ્રેષ્ઠ બૉલિંગ માટે (3 ઓવર, 13 રન, 4 વિકેટ) મેન ઑફ ધી મેચ જાહેર કરવામાં આવ્યા હતા. સમગ્ર મેચ દરમિયાન શ્રી ધર્મિલ ત્રિવેદી, શ્રી વિજય ચુડાસમા અને શ્રી સચિન ઉનાવા દ્વારા અમ્પાયર તરીકે સેવા આપવામાં આવી હતી. પ્રો. હૈદર ખાન પઠાણની મનોરંજનથી ભરપૂર લાઈવ કોમેન્ટરીએ ખેલાડીઓને જોમ પૂર્યું અને હાજર સૌ કોઈના મન મોહી લીધા. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટ્સ કમિટીના હેડ પ્રો. ડૉ. અર્જુનસિંહ પરમારના માર્ગદર્શન અને નિરીક્ષણ હેઠળ કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ શ્રી ડૉ. એસ. સી. રવિયા તેમજ કોલેજ સ્ટાફ પરિવાર દ્વારા તમામ ખેલાડીઓને અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

# પ્રભુજી મહારાજના 75માં અમૃત મહોત્સવની બગસરા ખાતે ભવ્ય ઉજવણી...



બગસરામાં મોટી હવેલીમાં 108 પ્રભુજી મહારાજના 75માં અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. અહીં ત્રી દિવસીય વલ્લભ ગુણગાન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી હવેલીના 108 રાસેશ્વર બાવાએ બગસરા લેઉવા પટેલ સમાજ વાડી ખાતે પ્રવચન આપ્યું હતું. 7 જાન્યુઆરીના રોજ ત્રણ પલના દર્શન, મારકેન્ડય પૂજા, કીર્તન તેમજ મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 2500 થી વધુ વૈષ્ણવોએ પંગત પર બેસી પ્રસાદ લીધો હતો. તેમજ સાંજના સમયે બગસરા ગોકુલપરા પટેલ સમાજ વાડી ખાતે જન્મોત્સવની વધાઈ અને સતકારસમાહરોહ યોજાયો હતો. જેમા 108ને સતકારવા દેશ વિદેશથી પધારેલા વૈષ્ણવોએ તથા સંતો મહંતો વક્તવ્ય આપ્યું હતું. બગસરા જુના સ્વામિનારાયણ મંદિરના સ્વામી વિવેકસ્વરૂપ સ્વામીએ પ્રભુજી મહારાજના જન્મોત્સવની વધાઈ આપી હતી. અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%®

www.headway.guru

9081241916

“મોડું નથી થયું,
સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ હજી ચાલુ છે.”

વિશ્વાસ જયાં છે, ત્યાં ઉત્સવ લંબાય છે.

હવે આપના સૌભાગ્યની નવી
તારીખ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી.




માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.*

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

શ્રી ગોકુલ જ્વેલર્સ
એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.

મો. 95373 12695, 94262 80911

*શરતો લાગુ

તારીખ : 13/01/2026

# શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન આયોજિત શ્રી ગોવિંદભાઈ ધોળકિયા સર્જનાત્મક પારિતોષિક એસ એસ અજમેરા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની જીકાદરા તનિષાને પૂજ્ય મોરારીબાપુની ઉપસ્થિતિમાં અર્પણ




દર વર્ષે શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓમાં પડેલી સર્જનાત્મક શક્તિને ખીલવવા માટે મૌલિક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ પરંપરા ને અનુસરતા આ વખતે પણ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા સર્જનાત્મક પારિતોષિક અંતર્ગત અમેરિકા સ્થિત કવિ લેખક શ્રી નટવરભાઈ ગાંધીની આત્મકથા :એક અજાણ્યા ગાંધીની આત્મકથા" પર આધારિત મૌલિક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીની શ્રીમતી એસ.એસ અજમેરા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની જીકાદરા તનિશા દિનેશભાઈએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર શાળા તથા પરિવારનું ગૌરવ વધાર્યું હતું. આ તકે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રાજુભાઈ કામદાર તથા આચાર્ય શ્રી કંચનબહેન બારૈયા દ્વારા તથા સમગ્ર અજમેરા પરિવાર દ્વારા તનિશાને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમને આ સિદ્ધિ સુધી પહોંચવામાં માર્ગદર્શન આપનાર શાળાના શિક્ષકો એવા શ્રી અમીબેન દિયોરા તથા કેતનભાઈ જોશીને પણ સમગ્ર અજમેરા પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા

# ચામુંડા સ્ટીમ ઢોકળા

## આવતીકાલે મકરસંક્રાંતિનાદિવસે સવારે 7 વાગ્યાથી લાઇવ ઢોકળા મળશે તથા ખમણ,પાત્રા અને ગરમાગરમ ઉંધીયુ વ્યાજબી ભાવે મળશે..

## ખાંડવી * સમોસા
## તિરંગા ઢોકળા * લાઇવ ઢોકળા

નોંધ : લગ્નપ્રસંગમાં તથા સ્કુલના પ્રોગ્રામમાં ઓર્ડર લેવામાં આવશે.

**દેવળાગેઇટ, ગુરૂદેવ ફરસાણ સામે, સા.કું.**

**મો. 90332 06488/98259 47067**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 13/01/2026

# ઉતરાયણ પર્વને અનુલક્ષીને નાગરિકોની સુરક્ષા માટે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા વાહનોમાં સેફટી ગાર્ડ લગાવવામાં આવ્યાં.



ઉતરાયણ દરમિયાન લોકોની અવરજવર વધતી હોવાથી માર્ગ અકસ્માતોની શક્યતા વધી જાય છે. આવા સંજોગોમાં વાહનચાલકોમાં સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી અમરેલી પોલીસે આ પહેલ કરી હતી. .ત્યારે ઉતરાયણ પર્વને અનુલક્ષીને નાગરિકોની સુરક્ષા માટે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા વાહનોમાં સેફટી ગાર્ડ લગાવવામાં આવ્યાં હતાં.



તારીખ : 13/01/2026

# વડિયામાં શ્રી સુરગાવાળા પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

## પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડે ફાઈનલ મેચનો પ્રારંભ કરાવ્યો

## 1980થી યોજાતી આ ટુર્નામેન્ટ અનેક વિદ્યાર્થી માટે બંને છે યાદગાર

અમરેલી જિલ્લા ના છેવાડાના તાલુકા મથક એવા વડિયા માં આવેલી શ્રી સુરગવાળા સાર્વજનિક હાયર સેકન્ડરી સ્કૂલ માં 1980થી વિદ્યાર્થી ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામાં આવે છે.કોરોના કાળ થી બંધ થયેલી આ ટુર્નામેન્ટ ને પૂર્વ વિદ્યાર્થીઓના આગ્રહ થી ચાલુ વર્ષે ફરી શરુ કરી ને SPL -2026 નુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ.આ ટુર્નામેન્ટ માં છ ટીમો માં વિદ્યાર્થી સાથે એક શિક્ષક ની ટીમો બનાવીને આ ટુર્નામેન્ટ રમાઈ હતી જેના ફાઈનલ માં અથર્વ ઈલેવન અને આદિત્ય ઈલેવન વચ્ચે મેચ યોજાઈ હતી. આ રોમાંચક ફાઈનલ મેચ નો પ્રારંભ પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ દ્વારા કરાવી ફાઈનલમેચ માં વડિયા મામલતદાર કેજર સિંધી, સરપંચ મનીષ ઢોલરીયા, પત્રકાર ભીખુ વોરા, દિનેશ રામાણી, બાબુ નાગાણી સહિતના મોટી સંખ્યમાં સ્થાનિક લોકોએ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર ટુર્નામેન્ટ માં આદિત્ય ઈલેવન રૂપી શિક્ષક કિરીટ જોટવની ટીમનો ભવ્ય વિજય થયો હતો. ત્યારે આ વિજય ને મનાવવા વિદ્યાર્થી ગ્રાઉન્ડ માં ટ્રોફી સાથે મન મૂકીને જુમ્યા હતા. આ ટુર્નામેન્ટ માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તમામ ખેલાડીઓ ને આવનાર પ્રજાસત્તાક પર્વના દિવસે ઈનામો થી નવજવામા આવશે તેવુ શાળાના આચાર્ય દિલીપ પાદરિયાએ જણાવ્યું હતુ. આ તકે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડે વિદ્યાર્થીઓને આજના મોબાઈલ યુગમાં શારીરિક શાસક્ત અને મજબૂત બનવા ગ્રાઉન્ડની રમતોમાં ભાગ લેવા અનુરોધ કાર્યો હતો અને તમામ ખેલાડીઓને શુભકામના પાઠવી તેમનો હોસલો બુલંદ કરવા ક્રિકેટ મેચ પણ લોકો સાથે નિહાળી હતી.






નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

## એ.આર. જવેલર્સ

AR JEWELLERS

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

તારીખ : 13/01/2026




# શ્રી તપસ્વી વિદ્યા સંકુલ ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને શ્રી તપસ્વી વિદ્યા સંકુલ તેમજ રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે યુવા દિવસ નિમિતે શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું.




૧૨ જાન્યુઆરી દેશભરમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ ની રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે દિયોદર ખાતે આવેલ શ્રી તપસ્વી વિદ્યાસંકુલ ખાતે થી આરામ ગૃહ સુધી શોભાયાત્રા નીકળી ત્રણ રસ્તા પર વિવેકાનંદજી ની પ્રતિમા પર ફૂલહાર કર્યા બાદ કૉલેજ માં પરત ફર્યા હતા ત્યાર બાદ કૉલેજ માં સ્વામી વિવેકાનંદ વિશે વ્યાખ્યાન યોજાયું હતું. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ના નવ નિયુક્ત પ્રદેશ કારોબારી સદસ્ય અને દિયોદર નગર મંત્રી આર્યન ચૌધરી, પ્રદેશ મીડિયા સહ સંયોજક યુવરાજ જાની, તપસ્વી વિદ્યાસંકુલ ના પ્રમુખ શ્રી ડાયાભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી ઉત્સવભાઈ પટેલ, આર્ટ્સ કોલેજના આચાર્ય શ્રી શામળભાઈ નાઈ, નર્સિંગ કોલેજના આચાર્યશ્રી રમેશભાઈ બોચિયા, તેમજ સમગ્ર સ્ટાફગણ, અને આર્ટ્સ એન્ડ નર્સિંગ કૉલેજ ના વિદ્યાર્થીઓ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પ્રો. નિમિષાબેન પ્રજાપતિ તેમજ કાર્યક્રમ ની આભાર વિધિ પ્રો. પિન્કીબેન ઠાકોર દ્વારા કરવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

Aavkar Restaurant & Banquet Hall

તારીખ : 13/01/2026

# શ્રી બ. ગો. મહેતા વિદ્યાલય જેસરમાં તા. 31/5/2026 ના વય મર્યાદાના કારણે નિવૃત થઈ રહેલ શિક્ષક શ્રી વિનુભાઈ સાસાણી સાહેબનો તા.10/1/2026 ના રોજ વિદાય સહ સન્માન સમારંભ તથા ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવેલ.





શ્રી સર્વોદય કેળવણી મંડળ જેસર દ્વારા વિનુભાઈ સાસાણી સાહેબનું સન્માન કરવામાં આવેલ તથા સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા શ્રી ફળ, સાકારનો પડો, ચાંદીનો સિક્કો તથા સાલ ઓઢાડી વિનુભાઈ સાસાણી સાહેબનું સન્માન કરવામાં આવેલ.શ્રી મનીષકુમાર જાનીએ સન્માન પત્રનું વાંચન કરેલ. શ્રી વિનુભાઈ સાસાણીએ શાળા માટે એક "નવું માયક સેટ "ભેટ આપવાની જાહેરાત કરેલ. શાબ્દિક સ્વાગત શાળાના સુપરવાઈઝર શ્રી એન.બી. સરવૈયાએ કરેલ. શાળાના આચાર્યશ્રી આર. જે. ગુજરીયાએ તથા શાળાના મ.શિ. શ્રીમતિ ગીતાબેન મહેતાએ પ્રાસંગીક પ્રવચન આપેલ.વિનુભાઈ સાસાણીએ પોતાના કાર્યકાળના અનુભવો વ્યક્ત કરેલ અને શાળાનું અભિવાદન કરેલ. ત્યાર બાદ ઈનામ વિતરણના કાર્યક્રમનો દોર શ્રી કમલેશભાઈ વાઢેરે સંભાળેલ. ફિક્સ ડિપોઝિટની રકમના જુદા જુદા દાતાઓના નામની જાહેરાત કરેલ અને ડિપોઝીટની રકમના વ્યાજની રકમમાંથી ધોરણ 9 થી 12 ના દરેક ધોરણના પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને ફોલ્ડર ફાઈલ સાથે ઈનામ વિતરણ કરવામાં આવેલ.શાળાના હાજર નિવૃત શિક્ષીકા બહેનશ્રી મીનાક્ષીબેન શાહ અને વર્ષાબેન ત્રિવેદીએ પ્રાસંગિક ઉદબોધન કરેલ.ત્યાર બાદ SSC અને HSC બોર્ડના વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવેલ. આભાર વિધિ શ્રી જયદીપસિંહ એન. ગોહિલ દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.એડ. ના તાલીમાર્થી શ્રી ભૂમિબેન બારૈયા એ કરેલ.કાર્યક્રમ બાદ સ્ટાફ પરિવાર દ્વારા સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી, કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ

# મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઇરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- કલોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

# અમરેલી જિલ્લામાં કરૂણા અભિયાન હેઠળ 20 કલેક્શન સેન્ટર અને સારવાર કેન્દ્રોની યાદી જાહેર કરાઈ..




ઉત્સાહ અને ઉમંગના પર્વ ઉતરાયણનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે. સાવરકુંડલા સહિત અમરેલી જિલ્લાની  બજારોમાં અવનવા પતંગો તથા દોરાની વેરાયટી જોવા મળી રહી છે. ત્યારે પતંગના ધારદાર દોરાથી ઈજાગ્રસ્ત થતા પક્ષીઓ માટે રાજ્ય સરકાર આગામી દસ દિવસ માટે કરૂણા અભિયાન ચલાવવા માટે સજ્જ થઈ ગઈ છે.અમરેલી જિલ્લામાં તા. 20 જાન્યુઆરી 2026 મંગળવાર સુધી કરૂણા અભિયાનનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. આ અભિયાન અન્વયે અબોલ પક્ષીઓનું રક્ષણ અને વિવિધ પ્રકારના પતંગ દોરાથી ઘાયલ પક્ષીઓને તત્કાલ સારવાર મળે તે માટે કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નં. 1962, વન વિભાગ હેલ્પ લાઈન નં. 1926 તેમજ વ્હોટ્સએપ હેલ્પ લાઈન નં. 8320002000 જાહેર કરવામાં આવ્યો છે.મળતી વિગતો મુજબ કરૂણા અભિયાન અન્વયે કુલ 20 જેટલા ક્લેક્શાન અને સારવાર કેન્દ્રોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ફોરેસ્ટ કલેક્શન સેન્ટરની યાદી મુજબ વન ચેતના કેન્દ્ર કોલોની અમરેલી, નર્સરી, મુંજીયાસર ડેમ બાબરા ફોરેસ્ટ કરિયાણા રોડ—બાબરા, બાબરા રામપરા નર્સરી, દામનગર નર્સરી, રેસીડેન્ટ ફોરેસ્ટ ઓફિસરની કચેરી-લાઠી, તુલસીશ્યામ રેંજ-ખાંભા ઉપરાંત સારવાર કેન્દ્રોની યાદી મુજબ ગીર પૂર્વ વન વિભાગ- વેકરીયાપરા ધારી, વન્યજીવ રેંજ લીલીયા, એનિમલ કેર સેન્ટર બાબરકોટ કેન્દ્રો કલેક્શન સેન્ટર કરવામાં આવ્યા છે. ખાતે કાર્યરતસારવાર કેન્દ્ર ચિકિત્સાલયની યાદી બાબરા, કુંકાવાવ, પશુ મુજબ રાજુલા, લાઠી, દામનગર, અમરેલી અને બાબરા પશુ દવાખાના ખાતે સારવાર ઉપલબ્ધ રહેશે. ઉપરાંત વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ સાવરકુંડલા ખાતે એન.જી.ઓ દ્વારા કલેક્શન સેન્ટર કાર્યરત રહેશે. સમગ્ર જીલ્લામાં નાગરિકોને અપીલ કરાઈ છે કે, પતંગ ઉડાડવા માટે પ્લાસ્ટીક કે, સીન્થેટીક તેમજ ચાઈનીઝ સહિતના દોરાનો ઉપયોગ ન કરવી કે, તે પ્રકારના દોરાની ખરીદી પણ ન કરીવી, પક્ષીઓના વિહરવાના સમયે એટલે કે, સવારના 7 થી 9 વાગ્યા સુધી તેમજ સાંજે પક્ષીઓ માળામાં પરત ફરવાના સમયે સાંજના 5 થી 8 વાગ્યા સુધી પતંગો ઉડાડવા માટે સાવચેતી રાખીવી અથવા તો પતંગો ન ઉડાડવી. આમ, લોકોને સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સ્પેશ્યલ ઓફર

# ઘરઘંટી વસાવો

માત્ર 25 સભ્ય વચ્ચે ડ્રો

ફક્ત રૂા. 1500 ભરીને વસાવો ઘરઘંટી

વિજેતાને બાકીની રકમ નહીં ભરવાની



- 3 વર્ષની ફુલ વોરંટી
- 5 વર્ષ મોટર ગેરંટી (મોટર બદલી આપવામાં આવશે.)
- કટ્ટરની આજીવન ગેરંટી
- બાજરો દળવાની પણ ગેરંટી

## એક્યુરેટ ઇલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ ૩૩૩૩

કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

# સાવરકુંડલાના ભમ્મર ગામે પક્ષીઓને બચવાના અભિયાનના ભાગરૂપે કરુણા અભિયાન



સાવરકુંડલાના ભમ્મર ગામે પક્ષીઓને બચવાના અભિયાનના ભાગરૂપે કરુણા અભિયાન 2026 અંતર્ગત ભમ્મર ગામની પ્રાથમિક શાળા ખાતે વનવિભાગ દ્વારા પક્ષીઓને બચાવવા અને પતંગની દોરીથી ઈજાઓ ન થાય અને પક્ષીઓને ઈજાઓથી બચાવવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન સાથે પક્ષીઓને બચાવવાની અપીલ વનવિભાગે કરતા વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી હતી સાવરકુંડલા વનવિભાગના ફોરેસ્ટ ગાર્ડ આઈ.એચ.સુમરા દ્વારા જનજાગૃતિ સાથે જાગૃતતા લાવવાનો સફળ પ્રયાસ કર્યો હતો.

કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

# ખેલ મહાકુંભ અંતર્ગત અમરેલીમાં ૨૭ જાન્યુઆરીથી રાજ્યકક્ષાની બહેનોની કબડ્ડી સ્પર્ધા યોજાશે

અમરેલી તા.૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ (સોમવાર) – સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી દ્વારા ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની બહેનોની કબડ્ડી સ્પર્ધાનું આયોજન અમરેલી ખાતે કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૨૭,૨૯,૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાશે.તા. ૨૭ જાન્યુઆરીએ અંડર-૧૪, ૨૯ જાન્યુઆરીએ અંડર-૧૭ અને ૩૧ જાન્યુઆરીએ ઓપન એજ કેટેગરીની સ્પર્ધા યોજાશે. સ્પર્ધાનું સ્થળ સરદાર પટેલ રમત સંકુલ, ચિત્તલ રોડ, ગોળ દવાખાનાની બાજુમાં અમરેલી રાખવામાં આવ્યું છે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

ભાવ વધે તે પહેલા આજેજ ખરીદી કરવા પધારો....

બ્રાન્ડેડ A4 પેકેટ ₹ 175 થી શરૂ

SINCE 1923
KD NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા મો. 9499797973

કે.ડી. NEWS
તારીખ : 13/01/2026

# મકરસંક્રાંતિના દિવસે કઈ રાશિ એ શું દાન કરવું?



**આવતીકાલે મકરસંક્રાંતિનો તહેવાર છે ત્યારે કઈ રાશિ એ શું દાન કરવું જોઈએ અને તેનાથી શું ફાયદો થાય છે તેની વિસ્તારથી વાત નીચે કરેલી છે..**

મેષ રાશિ: મસુરની દાળ ગોળ અને તલનું દાન કરવું જોઈએ
જેનાથી સાહસ અને શક્તિમાં વધારો થાય છે.

વૃષભ રાશી: સફેદ વસ્ત્ર ચોખા અને સાકરનું દાન કરવું જોઈએ જેનાથી આર્થિક સ્થિતિ મજબૂત થાય છે.

મિથુન રાશિ :લીલા મગ ગાયને લીલુ ખાસ અર્પણ કરવું જેનાથી બુદ્ધિ અને વેપારમાં પ્રગતિ થાય છે.

કર્ક રાશિ: દૂધ ચાંદી કે સફેદ તલનું દાન કરવું જોઈએ જેનાથી માનસિક શાંતિ મળે છે.

સિંહ રાશિ : ઘઉં ગોળ અને લાલ ફૂલનું દાન કરવું જોઈએ જેનાથી સફળતા અને સત્તા મળે છે.

કન્યા રાશિ:મગની દાળ મગફળી અને તલનું દાન કરવું જોઈએ જેનાથી
કાર્યમાં આવતા અવરોધ દૂર થાય છે.

તુલા રાશિ: સાકર ઘી અને સફેદ રેશમી વસ્ત્રદાન કરવું જોઈએ
જેનાથી વૈભવ અને સુખમાં વધારો થાય  છે.

વૃષીક રાશિ :એ મસૂર ગોળ અને લાલ કાપડ નું દાન કરવું જોઈએ જેનાથી શત્રુ પર વિજય મળે છે.

ધન રાશી :હરદળ ચણાની દાળ અને પીળા તલનું દાન કરવું જોઈએ જેનાથી
જ્ઞાન અને ભાગ્યમાં વૃદ્ધિ થાય છે.

મકર રાશિ: કાળા તલ ધાબળા અને તેલ નું દાન કરવું જોઈએ જેનાથી શનિની પીડામાંથી મુક્તિ મળે છે.*

કુંભ રાશિ: કાળા અડદ તેલ અને લોખંડનું દાન કરવું જોઈએ જેનાથી કરિયરમાં સ્થિરતા આવે છે.*

મીન રાશિ: કેસર ચણાની દાળ અને પીળા ફળનું દાન કરવું જોઈએ જેનાથી આધ્યાત્મિક ઉન્નતી થાય છે.

**તો ચાલો આપણે રાશિ પ્રમાણે દાન કરીએ અને બધાની સુખાકારી માટે પ્રાર્થના કરીએ મકરસંક્રાંતિની હૃદયપૂર્વક શુભકામના.**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્કીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

કે.ડી. NEWS
તારીખ : 13/01/2026

## ખેલ મહાકુંભ ૨૦૨૫

# ખેલાડીઓને રોકડ પુરસ્કાર મળેલ ન હોય તેમણે બેંક પાસબુક, આધારકાર્ડ સહિતની નકલ જમા કરવા સૂચના

અમરેલી તા. ૧૨ જાન્યુઆરી,૨૦૨૬ (સોમવાર) - ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત જિલ્લાની તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાએ યોજાયેલ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ ખેલાડીઓને રોકડ પુરસ્કાર ચૂકવવાના થતા હોય આથી બાકી રહેલ જે ખેલાડીઓને રોકડ પુરસ્કાર મળેલ નથી તેમણે વહેલીતકે ફોર્મ ભરીને પોતાના બેંક ખાતાની પાસબુકની ઝેરોક્ષ અને આધારકાર્ડ નકલ રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાની બાજુમા, ચિતલ રોડ,અમરેલી ખાતે રૂબરુ જમા કરાવવાની રહેશે. તા. ૨૨.૦૧.૨૦૨૬ સુધીમાં ડોક્યુમેન્ટ જમા કરાવવાના રહેશે. ત્યારબાદ રોકડ પુરસ્કાર અંગેની માહિતી સ્વીકારવામાં આવશે નહીં તેની નોંધ તમામ શાળાના આચાર્યશ્રીઓએ અને ખેલાડીઓએ લેવાની રહેશે. સત્વરે માહિતી મોકલી આપવા માટે અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

વિદ્યાર્થીઓ માટે રફ ચોપડા તેમજ લખવા માટેની કોરી પસ્તી
SINCE 1923 KD NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

# કરૂણા અભિયાન-૨૦૨૬માં સહભાગી બનીએ.....

## કરૂણા અભિયાન હેઠળ કુલ ૨૦ જેટલા કલેક્શન સેન્ટર અને સારવાર કેન્દ્રોની યાદી જાહેર કરવામાં આવી

## પતંગ દોરાથી ઘાયલ પક્ષીઓનો જીવ બચાવવા માટે કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નં. ૧૯૬૨ પર સંપર્ક કરવો

અમરેલી તા. ૧૨ જાન્યુઆરી,૨૦૨૬ (સોમવાર) - સમગ્ર જિલ્લામાં તા. ૨૦ જાન્યુઆરી,૨૦૨૬ સુધી કરૂણા અભિયાન-૨૦૨૬નું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. આ અભિયાન અન્વયે અબોલ પક્ષીઓનું રક્ષણ અને વિવિધ પ્રકારના પતંગ દોરાથી ઘાયલ પક્ષીઓને તત્કાલ સારવાર મળે તે માટે કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નં. ૧૯૬૨, વન વિભાગ હેલ્પ લાઈન નં. ૧૯૨૬ તેમજ વ્હોટ્સએપ હેલ્પ લાઈન નં. ૮૩૨૦૦ ૦૨૦૦૦ જાહેર કરવામાં આવ્યો છે.કરૂણા અભિયાન અન્વયે કુલ ૨૦ જેટલા કલેક્શન અને સારવાર કેન્દ્રોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ફોરેસ્ટ કલેક્શન સેન્ટરની યાદી મુજબ વન ચેતના કેન્દ્ર, અમરેલી, મુંજીયાસર ડેમ નર્સરી, બાબરા ફોરેસ્ટ કોલોની, કરિયાણા રોડ-બાબરા, બાબરા રામપરા નર્સરી, દામનગર નર્સરી, રેસીડેન્ટ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી-લાઠી, તુલસીશ્યામ રેંજ-ખાંભા ઉપરાંત સારવાર કેન્દ્રોની યાદી મુજબ ગીર પૂર્વ વન વિભાગ-વેકરીયાપરા ધારી,વન્યજીવ રેંજ લીલીયા, એનિમલ કેર સેન્ટર બાબરકોટ કેન્દ્રો ખાતે કલેક્શન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. સારવાર કેન્દ્ર પશુ ચિકિત્સાલયની યાદી મુજબ બાબરા, કુંકાવાવ, રાજુલા, લાઠી, દામનગર, અમરેલી અને બાબરા પશુ દવાખાના ખાતે સારવાર ઉપલબ્ધ રહેશે. ઉપરાંત વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ સાવરકુંડલા ખાતે એન.જી.ઓ દ્વારા કલેક્શન સેન્ટર કાર્યરત રહેશે. સમગ્ર જીલ્લામાં યુવાઓ,નાગરિકોને નમ્ર અપીલ છે કે, પતંગ ઉડાડવા માટે પ્લાસ્ટીક કે, સીન્થેટીક તેમજ ચાઈનીઝ સહિતના દોરાનો ઉપયોગ ન કરીએ કે, તે પ્રકારના દોરાની ખરીદી પણ ન કરીએ, પક્ષીઓના વિહરવાના સમયે એટલે કે, સવારના ૭ થી ૯ વાગ્યા સુધી તેમજ સાંજે પક્ષીઓ માળામાં પરત ફરવાના સમયે સાંજના ૫ થી ૮ વાગ્યા સુધી પતંગો ઉડાડવા માટે સાવચેતી રાખીએ અથવા તો પતંગો ન ઉડાડવા અપીલ છે.

કે.ડી. NEWS
તારીખ : 13/01/2026

# અમરેલીના અક્ષરપુરુષોત્તમ મંદિરના આદરણીય સ્વામીજીએ તાજેતરમાં શ્રી ચંદ્રેશ ભાઈ રવાણીના ઘરે પધરામણી કરીને દિવ્ય આશીર્વાદ આપ્યા છે. આ પવિત્ર પ્રસંગે ભક્તોમાં અપાર ઉત્સાહ અને આનંદનું વાતાવરણ સર્જાયું હતું.



*પધરામણીનો વિશેષ પ્રસંગ* અમરેલીના પ્રસિદ્ધ અક્ષરપુરુષોત્તમ મંદિર (B A P S સંલગ્ન)ના પૂજ્ય સ્વામીજીશ્રીએ શ્રી ચંદ્રેશ ભાઈ રવાણીના નિવાસસ્થાને કૃપાપૂર્વક પગલાં માંડ્યાં. ઘરના સ સ્યો અને આજુબાજુના ભક્તો-હરિભક્તોએ ભક્તિભાવથી સ્વાગત કર્યું. સ્વામીજીએ બધાને હસતા-હસતા મળ્યા, થોડી ક્ષણો સંવાદ કર્યો અને પરમ પૂજ્ય ગુરુહરિના આશીર્વાદ સાથે સૌને દિવ્ય આશીર્વાદ આપ્યા.આ પ્રસંગ દરમિયાન



સ્વામીજીએ ભક્તિ, સત્સંગ અને નિયમિત સેવા-ભક્તિનું મહત્વ સમજાવ્યું. શ્રી ચંદ્રેશ ભાઈ તથા તેમના પરિવારજનોને વિશેષ રીતે આશીર્વાદ આપીને તેમના જીવનમાં સુખ-શાંતિ અને ભક્તિનો વધારો થાય તેવી પ્રાર્થના કરી.



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

કે.ડી. NEWS
તારીખ : 13/01/2026


# નાગેશ્રી ખાતે મહેતા પરિવાર દ્વારા ગુરુદેવ યોગીરાજની પુણ્યતિથિ ની ઉજવણી કરાઈ.



અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ખાતે મુંબઈ વણિક સમાજ સંચાલિત 30 શિખરબંધ મંદિરોની અલૌકિક ધામ આવેલું છે જેમાં તાજેતરમાં પૂજ્ય ગુરુદેવ યોગીરાજની 50 મી પુણ્યતિથિ નાગેશ્રી મહેતા પરિવાર દ્વારા ઉજવવામાં આવી હતી સ્વ અરવિંદભાઈ ઈન્દ્રજીતભાઈ મહેતા અને સ્વ મધુબેન મહેતા પરિવાર એ આ ઉજવણીમાં મહાપૂજા મહા આરતી અને મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યો કર્યા હતા. અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

કે.ડી. NEWS

તારીખ : 13/01/2026



# ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-અમરેલી દ્વારા ખાંભાના ડેડાણ મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો

## કુલ ૨૩૦ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લીધી






અમરેલી તા. ૧૩ જાન્યુઆરી,૨૦૨૬ (મંગળવાર) - ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-અમરેલી દ્વારા ખાંભાના ડેડાણ મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસનું આયોજન મુક્તાનંદ બાપુ આશ્રમના પ્રાકૃતિક મોડેલ ફાર્મ ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં ખાંભા તાલુકાના જીવાપર, કંટાળા, સરકડીયા મોટા, ભાવરડી, ત્રાકુડા, બોરાળા ગામના કુલ મળી ૨૩૦ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત કરી હતી. આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી મહેશ ઝીડ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સતત પ્રયત્નશીલ છે. જિલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ અન્વયે પ્રાકૃતિક બોર્ડના માસ્ટર ટ્રેનર શ્રી વૈશાલીબેન ચાવડા અને તાલુકા પ્રોજેક્ટ મેનેજર શ્રી ઉર્વશીબેન ગજેરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 13/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# એનિવર્સરી કેક
# બેબીશાવર કેક
# સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
# મેક અપ કીટ કેક
# ફોટો કેક
# અઢળક કેકની વેરાયટીઓ



અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

# લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**પતિ પત્ની દવાખાને જાય છે ડોક્ટરે પૂછ્યું શું થાય છે હજી પતિ જવાબ દે પહેલા પત્નીએ કહ્યું મારા પતિ થાય છે ડોક્ટર કહે મને ખબર છે આને રોગ શું છે અહીંયા આવ્યા શું માટે એ પૂછું છું..**

---

**પહેલા એવું કહેવામાં આવતું કે મકાન વાળો ગાડીવાળો જીવનસાથી જોઈએ અત્યારે તો રસોઈ બનાવતા આવડતું હોય એવો જીવનસાથી જોઈએ.**

---

**અત્યારે તો 50 ની ચોકલેટ ખાવ તો પણ ખુશ ના થાવ અને એક અમે હતા એક સાકરની કણી કલાક કલાક સુધી રાખતા.**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 13/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 13 જાન્યુઆરી મહત્વની ઘટનાઓ

૧૮૭૯ – ગૌરીશંકર ઉદયશંકર ઓઝા ભાવનગર રાજ્યના મુખ્ય કારભારી પદેથી સેવા નિવૃત્ત થયા.

૧૮૮૮ – ધ નેશનલ જિયોગ્રાફિક સોસાયટીની સ્થાપના વૉશિંગ્ટન ડી.સી. માં કરવામાં આવી.

૧૯૪૨ – હેનરી ફોર્ડે સોયાબીન કારના પેટન્ટ અધિકારો મેળવ્યા, જેની બળતણ કાર્યક્ષમતા સામાન્ય કાર કરતા 30 ટકા વધુ હતી.

૧૯૮૮ – લી ટેંગ-હુઈ તાઈવાન મૂળના ચીનના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા.

૧૯૯૩ – રાસાયણિક શસ્ત્ર સંમેલન (સીડબ્લ્યુસી) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

૨૦૧૮ – હવાઈમાં આગામી મિસાઈલ હુમલાની ખોટી ઈમરજન્સી ચેતવણીરાજ્યમાં વ્યાપક ગભરાટનું કારણ બની.

૨૦૨૦ – થાઈ જાહેર આરોગ્ય મંત્રાલયે ચીનની બહાર કોવિડ-૧૯ના પ્રથમ કેસની પુષ્ટિ કરી.

૨૦૨૧ – અમેરિકાના નિવૃત્ત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર એક અઠવાડિયા પહેલા કેપિટોલમાં તોફાન બાદ બળવાને ઉશ્કેરવાના આરોપમાં બીજી વખત મહાભિયોગ ચલાવવામાં આવ્યો.

## જન્મ

૧૯૨૦ – પ્રિયબાળા શાહ, ગુજરાતી લેખક, સંશોધક અને ભારતીય સંસ્કૃતિ અને કલાના તજજ્ઞ (અ. ૨૦૧૧)

૧૯૪૯ – રાકેશ શર્મા, ભારતીય કમાન્ડર, પાઈલટ અને અવકાશયાત્રી

૧૯૭૮ – મોહિત શર્મા, ભારતીય સેના અધિકારી (અ. ૨૦૦૯)

## અવસાન

૧૯૯૧ – સુંદરમ્, ગુજરાતી ભાષાના કવિ અને લેખક (જ. ૧૯૦૮)૨૦૧૬ – જે.એફ.આર. જેકબ, બાંગ્લાદેશ મુક્તિયુદ્ધ ૧૯૭૧માં અગત્યની ભૂમિકા ભજવનાર ભારતીય સેનાના લેફ્ટિનેંટ જનરલ (જ. ૧૯૨૧)

## તહેવારો અને ઉજવણીઓ

બિહૂ (આસામ)

લોહરી (પંજાબ, હરિયાણા)

ભોગી (આંધ્ર પ્રદેશ, તમિલનાડુ

તારીખ : 13/01/2026
નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 13/01/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે **ફ્રી ડીલેવરી**

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 13/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973